આંક :

દાખલ તારીખ :૨૬/૧૨/૨૦૨૨

નોંધ્યા તારીખ :૨૬/૧૨/૨૦૨૨

ફેસલ તારીખ :૨૨/૦૫/૨૦૨૬

**રાજકોટનાં મ્હે. ૨૦ મા એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં.**

---

**ફોજદારી કેસ નં.૩૧૬૭૫/૨૦૨૨**

**શ્રી સરકાર ..... ફરિયાદી**

**-: <u>વિરૂઘ્ધ</u> :-**

**અશ્વીનભાઈ સુરેશભાઈ સોલંકી**
રહે.વચ્છરાજનગર શેરી નં.૧,
રણુજા મંદિર પાસે, રાજકોટ. ..... **આરોપી**

ગુનો :- ઈ. પી. કોડની કલમ-૩૭૯ મુજબ.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**ફરિયાદપક્ષ તર્ફે :- વિ. એ.પી.પી.શ્રી એચ. એસ. રાંક**
**બચાવપક્ષ તર્ફે :- -**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**-: ચુ  કા  દો :-**

૧. ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, તા.૭/૭/૨૨ ના રાત્રીના કલાક ૧:૩૦ થી ૧:૪૫ ના સમય દરમ્યાન રાજકોટ રેલ્વે સ્ટેશન સામે આવેલ બજરંગ હોટલની બાજુમાં આવેલ ચા ની લારીની સામેથી આ કામના ફરિયાદી કીશનભાઈ જાનીએ પોતાની ઓટો રીક્ષામાં હેંડલ ઉપરની કાંધીએ પોતાનો મોબાઈલ ફોન સેમસંગ કંપનીનો મોડલ એમ-૧૨ બ્લુ કલરનો જે મોબાઈલમા બે વોડાફોનના સીમકાર્ડ હતા તે મોબાઈલ કિંમત રૂા.૯,૦૦૦/- નો આરોપીએ ચોરી કરી લઈ જઈ મુદામાલ મોબાઈલ સાથે મળી આવી ઈ.પી.કોડ કલમ-૩૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલની ફરિયાદ ફરિયાદીએ રાજકોટ પો.સ્ટે. માં નોંધાવેલ છે. જે ફરિયાદીની ફરિયાદના આધારે, પોલીસ સ્ટેશનના અધિકારીએ ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ-૧૫૪મી કલમની રૂએ પોલીસ થાણા ઉપર આપેલી કોગ્નિઝેબલ ગુન્હાની પહેલી ખબર(એફ.આઈ.આર.) પ્ર. નગર પો. સ્ટે. ફ.ગુના રજી. નં.૦૫૫૨/૨૨ થી નોંધી આરોપી સામે ઉપર મુજબનો ગુનો દાખલ કરેલ છે.

**૨.** આ કામે આરોપી સામે ઉપર મુજબના ગુના અંગે ફરિયાદી ની ફરિયાદ દાખલ થતા, ફરિયાદના આધારે તેની તપાસ, તપાસ કરનાર અમલદારે કરી, સંબધિત જગ્યાના પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપી સામે પૂરતો પુરાવો મળતા તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે નામદાર ચીફ જયુડી. મેજી. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે. જે હાલના ફોજદારી કેસ નંબરથી નોંધાયેલ છે. ત્યારબાદ આ કામ નામદાર ચીફ જયુડી. મેજી. કોર્ટના હુકમથી અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થઈને આવેલ છે.

**૩.** હાલનુ ચાર્જસીટ અત્રેની કોર્ટમાં આવતા, આરોપીને સમંસ કરવામા આવેલ પરંતુ આરોપી મળી આવેલ નથી. ત્યારબાદ આંક–૧ નીચે આ કામે કરેલ હુકમ મુજબ, એ.પી.પી. શ્રી સાંભળ્યા. ફોજદારી કેસનું અસલ રેકર્ડ ધ્યાને લીધુ. સદર કામે આરોપી ઘણા લાંબા સમયથી ગેરહાજર રહે છે. કેસ ઘણો જુનો છે. આરોપીને પકડ વોરંટ તથા જામીનદારને નોટિસ કાઢવા છતા આરોપી કે જામીનદાર મળી આવતા નથી સમન્સ વોરંટની બજવણી થતી નથી, તેવા સંજોગોમાં કેસ ઘણો જુનો  છે. સદરહુ આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ શકયતા જણાતી નથી અને તેની

ગેરહાજરીના કારણે પરિણામે કેસની કાર્યવાહીમાં વિલંબમાં પડેલ છે, તેથી આ તમામ સંજોગોને લક્ષમાં લઈ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ– ૨૯૯(૧) અન્વયે સદરહુ આરોપીની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહી વિલંબમાં ન પડે તે હેતુથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**–: મૌખીક તથા દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી કીશનભાઈ શંભુભાઈ જાની  ની જુબાની | ૪ |
| ૨ | ફરિયાદ | ૫ |

**પ.** આ સિવાય ફરિયાદપક્ષે અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી. ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૬ થી આ કામે વધુ સાહેદી પુરાવા રજુ રાખવા નથી કે હાલનો કેસ આગળ ચલાવવો નથી તેમ જણાવી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**૬.** ઉપર મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ પડેલ પુરાવાને આધારે આ કામના આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩

અન્વયે વિશેષ નિવેદન નોંધવા બાબતે આરોપી મળી આવતા ન હોય ક્રી.પ્રો. કોડ ની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં કેસ ચલાવવાનો હુકમ થયેલ હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૭.** ફરિયાદપક્ષે રજૂ થયેલ ઉપરોકત તમામ મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખતા આ કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુ દા ઓ :–**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે,તા.૭/૭/૨૨ ના રાત્રીના કલાક ૧:૩૦ થી ૧:૪૫ ના સમય દરમ્યાન રાજકોટ રેલ્વે સ્ટેશન સામે આવેલ બજરંગ હોટલની બાજુમાં આવેલ ચા ની લારીની સામેથી આ કામના ફરિયાદી કીશનભાઈ જાનીએ પોતાની ઓટો રીક્ષામાં હેં ડલ ઉપરની કાંધીએ પોતાનો મોબાઈલ ફોન સેમસંગ કં પનીનો મોડલ એમ–૧૨ બ્લુ કલરનો જે મોબાઈલમા બે વોડાફોનના સીમકાર્ડ હતા તે મોબાઈલ કિંમત રૂા.૯,૦૦૦ /– નો આરોપીએ ચોરી કરી લઈ જઈ મુદામાલ મોબાઈલ સાથે મળી આવી ઈ. પી.કોડ કલમ–૩૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૮. ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

૧. ન કા ર મા.

૨. આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો :-</u>**

ઉપરોકત મુદ્દાના જવાબો માટેના મારા કારણો નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં.૧ :-</u>**

૯. ફરિયાદ પક્ષે આંક-૪ થી ફરિયાદી કિશન શંભુભાઈ જાની સોગંદ ઉપર જુબાનીમાં જણાવે છે કે, હાલના બનાવ તા.૭/૭/૨૨ ના રોજ બનેલ. હુ મારો મોબાઈલ ફોન સેમસંગ કંપનીનો મારી ઓટો રીક્ષાના હેન્ડલ ઉપર રાખી રેલ્વે સ્ટેશન પાસે બજરંગ હોટલની બાજુમાં ચા પીવા માટે ગયેલ અને પરત આવી જોતા મોબાઈલ જોવામાં આવેલ નહી. જેથી આજુબાજુ તપાસ કરવા છતા ફોન મળી આવેલ નહી અને મારા મીત્રના ફોનમાંથી ફોન લગાવતા ફોન સ્વીચ ઓફ આવતો હ તો. જેથી મારો મોબાઈલ ચોરી થવા અંગે મે પોલીસમાં ફરીયાદ આપેલ હતી. મને આ કામની ફરીયાદ બતાવવામાં આવે છે. જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે ફરીયાદ આંક-પ થી રજુ છે. હાલની ફરીયાદ આપ્યા બાદ પોલીસ મારફત મને મારો ફોન પરત મળી ગયેલ છે.મારો ફોન કોણે ચોરી લીધેલ તેની મને ખબર નથી. મારે હાલનો કેસ આગળ ચલાવવો નથી કે વધુ કોઈ સાહેદ પુરાવા રજુ રાખવા નથી.

આ કામે સી.આર.પી.સી કલમ ૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ હોય આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવામાં આવેલ છે.

**૧૦.** હાલના કામે ફરિયાદપક્ષે રજુ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવામા આવે તો આ કામે ફરિયાદી કિશનભાઈ શંભુભાઈ જાની કે જેઓએ આરોપી સામે હાલના ગુનાની ફરિયાદ નોંધાવેલ છે તેમનો પુરાવો જોવામા આવે તો તેઓએ તેમનો મોબાઈલ ચોરી થયા અંગેની ફરિયાદ નોં ધાવેલ છે જે ફરિયાદ આંક–પ થી રજુ થયેલ છે. પરંતુ તેમનો મોબાઈલ કોણે ચોરી કરેલ તે તેમને ખબર ન હોવાનું જણાવે છે તેમજ હાલના કામના આરોપીએ ચોરી કરેલ હોય તેવો તેમનો પુરાવો નથી કે આરોપીને ઓળખી બતાવતા નથી. આમ સદરહુ ફરિયાદી સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ આ ગુના સબંધે સબંધીત પો. સ્ટે. માં ફરિયાદ નોંધાવેલ છે અને તેઓની ફરિયાદના આધારે તપાસ કરનાર અધિકારીએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તથા પંચનામા કરી તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ કરેલ છે.તેઓ ખુદ ફરિયાદ આરોપીને હાલના ગુનામાં સંડોવતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આપતા નથી કે આરોપીને ઓળખતા નથી ત્યારે ફરિયાદપક્ષનો સમગ્ર કેસ નિષ્ફળતામાં

પરિણમે છે. ત્યારે હાલના કામે ફરિયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આ કામના આરોપી સામેના આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: આ ખ રી હુ ક મ :-</u>**

(૧) આ કામના આરોપીને ઈ. પી. કોડની કલમ-૩૭૯ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડ કલમ-૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીન તેમજ પર્સનલ બોન્ડ અપીલ સમય સુધી લંબાવવામાં આવે છે.

ચૂકાદો આજ તા.૨૨, માહે મેં સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨-૫-૨૦૨૬<br>
સ્થળ:- રાજકોટ

**(સોહેલ અનવર મીયા શેખ)**<br>
૨૦ મા એડી. ચીફ જયુડી. મેજી.<br>
**(GJ 0 1340)**